# લિબર્ટી પેપરસેટ

## ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન

**Full Solution**

**સમય : 3 કલાક**

**અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 8**

### વિભાગ A

**1.** (F), **2.** (D), **3.** (A), **4.** (B), **5.** (C), **6.** × (ખોટું), **7.** × (ખોટું), **8.** ✓ (સાચું), **9.** × (ખોટું), **10.** ✓ (સાચું), **11.** બંધારણ, **12.** રાષ્ટ્રીય સ્મારકો, **13.** કોસી યોજના, **14.** 42, **15.** ખેતી, **16.** (D) મુંબઈ પ્રાકૃતિક ઇતિહાસ સમિતિ, **17.** (C) 38%, **18.** (D) વન્યજીવ સંરક્ષણ, **19.** (A) દ્વિમુખી, **20.** (A) અમેરિકા, ઇંગ્લેન્ડ, **21.** દિબ્રુગઢથી કન્યાકુમારીને જોડતો રેલવેમાર્ગ (વિવેક એક્સપ્રેસ), **22.** સરહદી માર્ગ સંસ્થાન, **23.** શ્રમ, **24.** 2% કે તેનાથી પણ વધુ.

Liberty

**વિભાગ B**

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૨ ગુણ)**

25. ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે. - સમજાવો.

➡ સમુદ્રની ઉત્તરે અને હિમાલયની દક્ષિણે આવેલા સ્થળનું નામ ભારતવર્ષ છે. જેનાં સંતાનો ભારતીય છે, તેમ પ્રાચીન ગ્રંથ વિષ્ણુપુરાણમાં કહેવાયું છે.

➡ ભારતમાં શુભ કાર્યોના પ્રારંભે લેવાતા સંકલ્પોમાં 'ભારતવર્ષ', 'ભરતખંડ', 'જંબુદ્વીપ', 'આર્યાવર્ત' વગેરે શબ્દોનો ઉપયોગ થાય છે.

➡ ભારત દેશની સમૃદ્ધિથી આકર્ષાઈને અનેક વિદેશી પ્રજાઓ પોતાના ભિન્ન ભિન્ન આશયથી આવી અને સ્થાયી થઇ છે તથા ભારતીય સંસ્કૃતિના મહાનદમાં ભળી ગઈ.

➡ લાંબા ગાળાથી આદાન-પ્રદાનની પ્રક્રિયાને લીધે આપણા વારસાનું હસ્તાંતરણ થતાં તેનો સાતત્યપૂર્ણ વિકાસ થયો છે.

➡ આમ, કહી શકાય કે ભારત પ્રાચીન સાંસ્કૃતિક વારસો ધરાવે છે.

26. આર્ય અને દ્રવિડ પ્રજાની વિગતો આપો.

➡ આર્ય જાતિ : ભારતીની આર્ય સભ્યતાના નિર્માતાઓ આર્ય (નોર્ડિક) લોકો હતા.

➡ પ્રાચિન કાળમાં હિન્દુઓ આર્ય કહેવાતા.

➡ તેઓની મુખ્ય વસતિ જે ભાગોમાં હતી તે પ્રદેશને 'આર્યવર્ત' નામ અપાયું.

➡ આર્યો પ્રકૃતિપ્રેમી હતા અને પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની પૂજા કરતા જેમાં વૃક્ષો, પહાડો, સૂર્ય, વાયુ, નદીઓ, વરસાદ વગેરે મુખ્ય છે.

➡ આર્યોએ આ દરેક પ્રાકૃતિક તત્ત્વોની સ્તુતિઓ (ઋચાઓ)ની રચના કરી છે.

➡ સમયાંતરે વેદપઠન એ આર્યોનો ધર્મ બન્યો અને તેમાંથી ધાર્મિક વિધિઓ પ્રચલિત થયા અને ત્યારબાદ યજ્ઞ-યજ્ઞાદિ ક્રિયાઓ પણ શરૂ થઈ.

➡ આમ, આર્યો એ પ્રકૃતિપ્રેમી હતા એમ કહી શકાય અને એમનો પ્રભાવ આજે પણ ભારતીય સંસ્કૃતિમાં જોવા મળે છે.

➡ દ્રવિડ જાતિ : દ્રવિડો મૂળ ભારતના હતા.

➡ મોહેં-જો-દડોની સંસ્કૃતિના સર્જકો અને પાષાણયુગની સંસ્કૃતિના સીધા વારસદાર તરીકે ઓળખાય છે.

➡ દ્રવિડોએ માતારૂપે દેવી-પાર્વતી અને પિતૃરૂપે પરમાત્મા શિવની પૂજાની સમજ આપી.

➡ ધૂપ, દીપ અને આરતીથી પૂજા કરવાની પરંપરા દ્રવિડોએ આપી હોવાનું મનાય છે. ઉપરાંત પ્રકૃતિપૂજા, પશુપૂજા વગેરે દ્રવિડોની ભેટ છે.

➡ દ્રવિડોની માતૃમૂલક કુટુંબપ્રથા પ્રચલિત હતી.

➡ કાંતવું-વણવું, રંગવું, હોડી-તરાપા જેવી કલા અને અવકાશ ગ્રહો વિશેની માહિતી આપી છે.

➡ તમિલ, તેલુગુ, કન્નડ અને મલાયલમ એ દ્રવિડકુળની ભાષા છે.

27. નાટ્યકલામાં તમામ કલાઓનો સમન્વય છે. – સમજાવો.

➡ અભિનયના ત્રિવેણીસંગમ સાથે અબાલવૃદ્ધોને મનોરંજન અને લોકશિક્ષણ આપતી પ્રાચીન કલા છે.

➡ ભરતમુનિએ રચેલું 'નાટ્યશાસ્ત્ર' કલાક્ષેત્રે પ્રચલિત છે. જેમાં તેમણે કહ્યું છે કે – ''એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવું કોઈ કર્મ નથી કે જે નાટ્યકલામાં ન હોય.''

➡ ભરતમુનિરચિત પ્રથમ નાટકનું કથાનક 'દેવાસુર સંગ્રામ હતું.'

➡ આમ, નાટ્યકલામાં તમામ કલાઓનો સમન્વય છે.

28. ભરતનાટ્યમ્ નૃત્યકલાની સમજૂતી આપો.

➡ ભરતનાટ્યમ્‌નું ઉદ્‌ભવસ્થાન તમિલનાડુ રાજ્યનો તાંજોર જિલ્લો ગણાય છે.

➡ ભરતમુનિએ રચેલ 'નાટ્યશાસ્ત્ર' અને નદીકેશ્વરરચિત 'અભિનવદર્પણ' બંને ગ્રંથો ભરતનાટ્યમ્‌ના આધારસ્રોત છે.

➡ મૃણાલિની સારાભાઈ, ગોપીકૃષ્ણ અને વૈજયંતીમાલા, હેમામાલિની જેવી જાણીતી અભિનેત્રીઓ પ્રાચીન પરંપરાનો વારસો જાળવનારાઓમાં મુખ્ય ગણાય છે.

29. કુતુબમિનાર વિશે સમજૂતી આપો.

➡ કુતુબમિનાર દિલ્હીમાં આવેલ સલ્તનકાલીન સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે.

- આ મિનારાનું નિર્માણ 12મી સદીમાં ગુલામવંશના સ્થાપક કુતુબુદ્દીન ઐબકે શરૂ કરાવ્યું હતું.
- કુતુબુદ્દીનના અવસાન બાદ તેના જમાઈ અને ઉત્તરાધિકારી ઇલ્તુત્મિશે કાર્ય પૂર્ણ કરાવ્યું.
- કુતુબમિનાર 72.5 મી ઊંચો છે. તેનો ભૂતળનો ઘેરાવો 13.75 મીટર છે. જ્યારે ટોચનો ઘેરાવો 2.75 મીટર થાય છે.
- કુતુબમિનારમાં આરસ અને લાલ પથ્થરનો ઉપયોગ થયો છે.
- આ મિનારા પર કુરાનની આયાતો કંડારવામાં આવેલી છે.
- આ મિનારાની રચના નમાજની અજાન આપવા માટે થઈ હતી.
- ભારતમાં પથ્થરોમાંથી બનેલ સૌથી ઊંચો સ્તંભ મિનાર છે.

30. અમદાવાદમાં આવેલ સાંસ્કૃતિક વારસાનાં સ્થળોની યાદી બનાવો.

- અમદાવાદની ઓળખ ઐતિહાસિક નગરી તરીકે કરી શકાય.
- અમદાવાદમાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળોમાં ભદ્રનો કિલ્લો, જામા મસ્જિદ, રાણી સીપ્રીની મસ્જિદ, સરખેજનો રોઝો, કાંકરિયા તળાવ, ઝૂલતાં મિનારા, સીદી સૈયદની જાળી, હઠીસિંગનાં દેરાં, રાણી રૂપમતીની મસ્જિદ જોવાલાયક સ્થાપત્યો છે.
- સાળંગપુર દરવાજા બહાર રાજપુર-ગોમતીપુરમાં આવેલાં ઝૂલતા મિનારા તેના કંપનનાં રહસ્યો વણઉકલ્યા માટે જાણીતાં છે.
- અતિશય બારીક અને સુંદર વાનસ્પતિક ભૌમિતિક રચનાના કારણે સીદી સૈયદની જાળી પ્રખ્યાત છે.

32. અબરખના ગુણધર્મો અને ઉપયોગ જણાવો. અથવા અબરખ વિશે જણાવો.

- અબરખ એ અધાતુમય ખનીજ છે અને વિશ્વમાં ભારત અબરખ ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે.
- અબરખ એ અગ્નિરોધક અને વિદ્યુતની અવાહક હોવાથી તેનો વિશેષ ઉપયોગ વિદ્યુતનાં સાધનો બનાવવામાં થાય છે. જેમ કે, વિદ્યુતમોટર, ડાયનેમો, રેડિયો, ટેલિફોન, મોટરગાડી, હવાઈ- જહાજ વગેરે.

33. "આધુનિક યુગને ખનીજ યુગ કહેવાય છે". શા માટે?

- આજના સમયમાં ખનીજો એ કોઈ પણ રાષ્ટ્રના આર્થિક વિકાસની કરોડરજ્જુ સમાન ગણાય છે.
- કોઈ પણ રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ખનીજોનું સ્થાન મહત્ત્વપૂર્ણ ગણાય છે.
- આજે નાનામાં નાની ટાંકણીથી વિશાળકાય જહાજ બાંધકામમાં ખનીજોનું બહુમૂલ્ય યોગદાન છે.
- ખનીજ કુદરતી સંસાધન છે. તક્નિકી જ્ઞાન અને આધુનિક સાધનો વધતાં ગયાં તેમ ખનીજોનો બહોળો ઉપયોગ થતો ગયો.
- આજે US અને રશિયા વિશ્વની મહાસત્તા બન્યાં તેનું કારણ ખનીજ સંસાધનોની સમૃદ્ધિ અને વૈવિધ્યતા છે.
- આમ, આજે અનેક ખનીજોનો ઉપયોગ માનવજીવનમાં થતો હોવાથી આ યુગને ખનીજ યુગ કહેવાય છે.

34. રસાયણ ઉદ્યોગ વિશે સમજૂતી આપો.

- રસાયણ ઉદ્યોગના ઉત્પાદનમાં ભારતનું સ્થાન મહત્ત્વનું છે.
- રસાયણો બે પ્રકારનાં છે :

  (1) કાર્બનિક રસાયણો અને (2) અકાર્બનિક રસાયણો.
- (1) કાર્બનિક રસાયણો :
  - જેમાં પેટ્રોરસાયણ મુખ્ય છે.
  - કાચા માલનાં પ્રાપ્તિસ્થાનો એવા ખનીજ તેલની રિફાઇનરીઓ કે પેટ્રોકેમિકલ્સ સંકુલ નજીક સ્થપાય છે.
  - મુખ્ય ઉત્પાદનોમાં કૃત્રિમ રેસા, કૃત્રિમ રબર, પ્લાસ્ટિકની વસ્તુઓ અને રંગ-રસાયણ તથા દવાઓ મુખ્ય છે.
- (2) અકાર્બનિક રસાયણો :
  - જેમાં ગંધકનો તેજાબ, સોડાએશ નાઇટ્રિક એસિડ, કોસ્ટિક સોડા, ક્લોરિન અને ક્ષારીય સામગ્રી મુખ્ય રસાયણો છે.
  - જંતુનાશક દવાઓના ઉત્પાદનમાં વિકાસશીલ દેશોમાં ભારતનું સ્થાન મહત્ત્વનું છે.
  - ગુજરાત દેશમાં સર્વોપરી સ્થાને છે. અમદાવાદ, વડોદરા, અંકલેશ્વર અને ભરૂચમાં આ ઉદ્યોગનો વધુ વિકાસ છે.

35. ઉદ્યોગોના મહત્ત્વ પર ટૂંક નોંધ લખો.

- આજના યુગમાં રાષ્ટ્રોનું અસ્તિત્વ ઉદ્યોગોના વિકાસ પર જ આધારિત છે. આર્થિક વિકાસ તો ઔદ્યોગિક વિકાસ વિના અસંભવ જ થઈ જાય છે.
- જે દેશો ઔદ્યોગિક દૃષ્ટિએ જેટલા વધારે વિકાસ પામ્યા છે તેની અર્થવ્યવસ્થા એટલી જ વધુ મજબૂત બની છે.
- USA, રશિયા, જાપાન, દક્ષિણ કોરિયા જેવા દેશો પોતાના ઔદ્યોગિક વિકાસના પાયા પર જ સમૃદ્ધ અને વિકસિત રાષ્ટ્રો બન્યાં છે.
- જે દેશોમાં ઉદ્યોગોનો વિકાસ થયો નથી કે ઓછો વિકાસ થયો છે તે કુદરતી સંસાધનોનો ઉપયોગ ઉદ્યોગોના કાચા માલ તરીકે કરી શકતા નથી.

Liberty

- આથી આવા દેશોએ કુદરતી સંસાધનો ઓછા મૂલ્યે વેચી તે જ કાચા માલની બનેલી વસ્તુઓને ઊંચી કિંમત ચૂકવી વિદેશીઓ પાસેથી ખરીદવી પડે છે.
- ભારતમાં સમગ્ર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉત્પાદન ઉદ્યોગોનો ફાળો 29% છે.

36. આતંકવાદ એ 'જીવો અને જીવવા દો'નું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે. સમજાવો.

- આજે આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા બની છે.
- આતંકવાદ માનવ અધિકારોનો નાશ, ભય, અરાજકતા, હિંસા, અશાંતિ વગેરે ઉત્પન્ન કરે છે.
- આતંકવાદને કોઈ ધર્મ કે સંપ્રદાય સાથે સંબંધ હોતો નથી. છતાં તેને ધર્મ સાથે જોડી અલગ-અલગ પ્રકારે હિંસાત્મક કૃત્ય કરે છે.
- આમ, આતંકવાદ હિંસા સંબંધી વિચાર છે, જે પ્રકૃતિના સિદ્ધાંત 'જીવો અને જીવવા દો'નું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે.

37. બંધારણીય આર્ટિકલ 19 (5)ની જોગવાઈઓ જણાવો.

- આર્ટિકલ 19 (5) એ ફક્ત અનુસૂચિત જનજાતિ માટેની જોગવાઈ છે.
- આ જોગવાઈ અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિસ્તારમાં સામાન્ય વર્ગના લોકોની આવ-જા કરવા, વેપાર-ધંધો કરવા, વસવાટ કરવા, જમીનની ફેરબદલી કરવા કે નાણાંની ધીરધાર જેવી પ્રવૃત્તિઓ પર સરકાર પ્રતિબંધ મૂકી શકે છે.
- સામાન્ય વર્ગની આવી પ્રવૃત્તિઓ થકી અનુસૂચિત જાનજાતિનાં હિતો જોખમાતાં હોય ત્યારે કલમ 19 (5) મુજબ રાજ્યપાલ પ્રતિબંધ મૂકી શકાય છે.

31. નીચેના પારિભાષિક શબ્દોનો અર્થ આપો.
(1) અક્ષત વનસ્પતિ (2) સંરક્ષિત જંગલો (3) અભયારણ્ય

- (1) અક્ષત વનસ્પતિ : જે વનસ્પતિનો ઉછેર માનવીય સહાયતા વિના કુદરતી રીતે થયો હોય તેને અક્ષત વનસ્પતિ કહે છે. જેમ કે, હિમાલય વિસ્તારની વનસ્પતિ.
- (2) સંરક્ષિત જંગલ : જ્યાં જંગલોની દેખભાળ સરકારી તંત્ર દ્વારા થાય છે. જ્યાં વૃક્ષોને ક્ષતિ પહોંચાડ્યા સિવાય લાકડાં વીણવાની તથા પશુચરાણની સ્થાનિક લોકોને છૂટ હોય તેને સંરક્ષિત જંગલો કહે છે.
- (3) અભયારણ્ય : જ્યાં વન્યજીવો માટે વિનાશનું જોખમ છે. તેવા વન્યજીવોની સુરક્ષા માટે આરક્ષિત કરાયેલાં ક્ષેત્રોને અભયારણ્ય કહે છે તથા ત્યાં વન્યજીવોના શિકાર પર પ્રતિબંધ છે.

Liberty

## વિભાગ C

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ)**

38. પ્રાચીન ભારતના નગર-આયોજન વિશે સમજૂતી આપો.

- ભારત પ્રાચીન સમયકાળથી નગર આયોજનમાં નિપુણતા ધરાવે છે.
- પુરાતત્ત્વીય ઉત્ખનન કરતાં આવાં ઘણાં નગરો મળી આવ્યાં છે. જેમ કે, મોહેં-જો-દડો, હડપ્પા, લોથલ, ધોળાવીરા વગેરે.
- આ નગરોના મુખ્ય ત્રણ ભાગ પડે છે:
  (1) શાસક અધિકારીઓનો ગઢ (સિટાડેલ)
  - પ્રાચીન ભારતની નગરરચનામાં શાસક અધિકારીઓનો ગઢ જે ઊંચાઈ ઉપર બાંધવામાં આવ્યો છે.

  (2) અન્ય અધિકારીઓનું આવાસ ધરાવતું ઉપલું નગર
  - અધિકારીઓના આવાસ ધરાવતાં ઉપલા નગર રક્ષણાત્મક દીવાલોથી સુરક્ષિત છે. અહીં બેથી પાંચ ઓરડાવાળાં મકાનો મળી આવ્યાં છે.

  (3) સામાન્ય નગરજનોનું આવાસ ધરાવતું નીચલું નગર
  - સામાન્ય નગરજનોનાં મકાનો મુખ્યત્વે હાથે ઘડેલી ઈંટોનાં બનેલાં છે.
- સિંધુખીણની સંસ્કૃતિની પ્રજાએ સ્થાપત્યક્ષેત્રે તે સમયની બધી સંસ્કૃતિઓ કરતાં સુંદર અને વ્યવસ્થિત એવાં કેટલાંક નગરો વિકસાવ્યાં હતાં, જે પૈકી હડપ્પા અને મોહેં-જો-દડો નામનાં નગરો મહત્ત્વનાં હતાં.

39. જૈન મંદિરોનો પરિચય આપો.

- ભારતમાં વિવિધ સ્થળોએ જૈન મંદિરો આવેલાં છે.
- ઉત્તર-પૂર્વ ભારતમાં રાજગૃહ ખાતે વૈભાર, વિપુલાચલ, રત્નગિરિ, ઉદયગિરિ અને શ્રમણગિરિ નામનાં પાંચ જૈન મંદિરો છે.
- બિહારસ્થિત સમેત શિખરજી સિદ્ધક્ષેત્ર જૈન તીર્થધામ આવેલું છે, જેને મધુવન કહે છે. અહીં આદિનાથ ભગવાન અને બીજા 20 તીર્થંકરો નિર્વાણ પામ્યા હતા.
- સમેત શિખરજીમાં અભિનંદન નાથજી તથા પાર્શ્વનાથજીનાં મંદિરો છે. અહીં જ ભગવાન મહાવીર પધારેલા અને અહીં કેટલાક મુનિઓ મોક્ષ પામેલા છે.
- ગુજરાતમાં જૈન દેરાસર પાલિતાણામાં અને પંચાસરા મંદિર શંખેશ્વરમાં છે.

- ➡ રાજસ્થાનમાં માઉન્ટ આબુમાં દેલવાડા અને રાણકપુરનાં જૈન દેરાસરો બાંધકામ, કોતરણીકામ, કલાકારીગરી અને શિલ્પકલા વગેરેની દૃષ્ટિએ બેનમૂન અને અદ્‌ભુત છે.
- ➡ આબુ પરનાં દેલવાડાનાં દેરાં જે ગુજરાતના મંત્રી વિમલશાહે બંધાવેલ 'વિમલવસહિ' અને બીજા મંત્રી વસ્તુપાળે બંધાવેલ 'લુણવસહિ' નામનાં દેવાલયો તેમની અજોડ કારીગરી અને આરસપહાણમાં બારીક, મનોહર શિલ્પકામ માટે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.

40. ગુપ્તકાલીન સંસ્કૃત સાહિત્યનો વિકાસ વર્ણવો.

- ➡ ગુપ્તયુગને સંસ્કૃત ભાષામાં કાવ્ય અને નાટકના વિકાસનો સુવર્ણયુગ કહેવાય છે.
- ➡ આ સમયના મહાન સાહિત્યકારોએ પોતાની પ્રસિદ્ધ સાહિત્ય કૃતિઓની રચનાઓ લખી છે. જેમાં
- ➡ કાલિદાસ પોતાની ઉત્તમ કાવ્યકલા અને ઉત્કૃષ્ટ નાટ્યશૈલી માટે પ્રસિદ્ધ છે.
- ➡ કાલિદાસે 'કુમારસંભવ', 'રઘુવંશ' નામે મહાકાવ્ય જ્યારે 'મેઘદૂત' અને 'ઋતુસંહાર' ખંડકાવ્યો ઉપરાંત 'અભિજ્ઞાનશાકુંતલમ્.' 'માલવિકાગ્નિમિત્રમ્' અને 'વિક્રમોર્વશીયમ્' નામે નાટ્યકૃતિઓની રચના કરી છે.
- ➡ બાણભટ્ટરચિત 'હર્ષચરિત' સમ્રાટ હર્ષવર્ધનનું જીવનચરિત્ર છે. ઉપરાંત 'કાદમ્બરી' તેમની ઉત્કૃષ્ટ રચના છે.
- ➡ ભવભૂતિનું 'ઉત્તરામચરિત', ભારવિનું 'કિરાતાર્જુનિયમ્', વિશાખદત્તનું 'મુદ્રારાક્ષસ', શૂદ્રકનું 'મૃચ્છકટિકમ્', અને દંડીનું 'દશકુમારચરિત' એ અન્ય પ્રસિદ્ધ ગ્રંથો છે.
- ➡ આ સમયના ગ્રંથોમાં મુખ્ય વિષયવસ્તુમાં રાજકીય ઘટનાઓ, પણયપ્રસંગો, રૂપકો, હાસ્યપ્રસંગો અને તત્ત્વજ્ઞાન સંબંધિત ગ્રંથો રચાયા છે.

41. ભૂમિ-સંરક્ષણ એટલે શું ? ભૂમિ-સંરક્ષણના ઉપાયો જણાવો.

- ➡ ભૂમિ-સરંક્ષણ એટલે જમીનનું ધોવાણ અટકાવીને જમીનની ગુણવત્તા જાળવી રાખવી.
- ➡ જમીન સંરક્ષણનો સીધો સંબંધ માટીકણોને પોતાની મૂળ જગ્યાએ જાળવી રાખવા સાથે છે.
- ➡ ભૂમિ-સંરક્ષણના ઉપાયો :
  - ➠ જંગલોના આચ્છાદનને કારણે તેનાં મૂળ જમીનકણોને જકડી રાખે છે. નદી-કોતરો અને પહાડી ઢોળાવોના ધોવાણ અટકાવવા વૃક્ષારોપણ કરવું.
  - ➠ રણની નજીકનાં ક્ષેત્રોમાં વાતા પવનોને રોકવા વૃક્ષોની હારમાળા ઉગાડવી જે રણવૃદ્ધિ અટકાવશે.
  - ➠ નદીઓના પૂરને અન્ય નદીઓમાં વાળીને કે સૂકી નદીઓમાં વહાવીને અંકુશમાં લેવાં જોઈએ.
  - ➠ અનિયંત્રિત ચરાણથી પહાડોની જમીનનું સ્તર ઢીલું પડે છે તેને અટકાવવું જોઈએ.
  - ➠ ક્ષિતિજ સમાંતર ખેડ, સીડીદાર ખેતપદ્ધતિ અપનાવવી જોઈએ.
  - ➠ ફળદ્રુપતા ગુમાવી બેઠેલી જમીનમાં પુનઃસેન્દ્રિય પદાર્થોનું ઉમેરણ કરવું જોઈએ.
  - ➠ જમીનનું સંરક્ષણ એ આજના સમયની તાતી જરૂરિયાત છે, તેના સંરક્ષણ માટે સરકાર, સમાજના લોકોએ સહિયારો પ્રયાસ કરવો જોઈએ.

41. સંસાધન એટલે શું ? તેના ઉપયોગ વિશે સમજૂતી આપો.

- ➡ કોઈ પણ વસ્તુ માનવ જરૂરિયાતો પૂરી કરવા ઉપયોગમાં લેવાય તે સંસાધન કહેવાય છે.
- ➡ કુદરતનાં હજારો તત્ત્વોનો માનવી તેના વિશિષ્ટ જ્ઞાન-કૌશલ્યથી પોતાની શારીરિક કે બૌદ્ધિક ક્ષમતા થકી જરૂરિયાતો પૂરી કરવા ઉપયોગમાં લે તેને સંસાધન કહેવાય છે.
- ➡ સંસાધનોનો મુખ્ય ઉપયોગ – ખોરાક તરીકે, કાચા માલના સ્રોત તરીકે, શક્તિ સંસાધનો તરીકે કરવામાં આવે છે.

42. જમીનનિર્માણની પ્રક્રિયા વર્ણવી, તેના પ્રકારો શેના આધારે પાડવામાં આવે છે, તે જણાવો.

- ➡ જમીન પૃથ્વીના પોપડા પરના અનેકવિધ કણોથી બનેલું એક પાતળું પડ છે.
- ➡ જમીનનું નિર્માણ મૂળ ખડકોના ખવાણ અને ધોવાણથી મળતા પદાર્થોથી થાય છે, એટલે કે મૂળ ખડકોને ઘસારણ અને ધોવાણનાં પરિબળો તોડીને તેનો બારીક ભૂકો બનાવે છે.
- ➡ આ પછી આ ભૂકામાં વનસ્પતિ, જીવજંતુઓ, જૈવિક અવશેષો, ભેજ, હવા વગેરેના ભળવાથી કે સડવાથી બનેલાં સેન્દ્રિય તત્ત્વો તેમાં ઉમેરાય છે.
- ➡ અન્ય રીતે કહીએ તો જમીન એ અનેક ખનીજ અને જૈવિક તત્ત્વોનું કુદરતી મિશ્રણ છે, તેમાં વનસ્પતિના વૃદ્ધિ અને વિકાસ કરવાની ક્ષમતા છે.
- ➡ જમીનના પ્રકાર તેના રંગ, આબોહવા, માતૃખડકો, કણરચના, ફળદ્રુપતા જેવી બાબતોને ધ્યાનમાં રાખીને પાડવામાં આવે છે.

43. પર્યાવરણની સુરક્ષા માટેનાં પગલાં વર્ણવો.

- ➡ પર્યાવરણની સુરક્ષા માટે સ્વીડનના સ્ટોકહોમ શહેરોમાં 1972માં પ્રથમ વખત 'પૃથ્વી પરિષદ'નું આયોજન થયું.
- ➡ ત્યારબાદ સમયાંતરે જુદાં જુદાં સંમેલનો અને શિબિરો યોજાઈ. જેમાં પર્યાવરણ સુરક્ષા માટે અનેક પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું.
- ➡ ભારત પણ વૈશ્વિક પ્રયાસોમાં સામેલ છે અને રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ જાગૃતિ માટે વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે.

Liberty

➥ જેમાં ...

(1) દેશનાં મુખ્ય શહેરોના પ્રદૂષણની માહિતી પ્રગટ થાય છે.

(2) પ્રદૂષણ નિયંત્રણ માટે કેન્દ્ર તથા રાજ્ય દ્વારા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

(3) વિશ્વભરમાં 5મી જૂનને 'પર્યાવરણ દિન' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

(4) 1981માં ભારત સરકારે 'વાયુ-પ્રદૂષણ નિયંત્રણ ધારો' પસાર કર્યો.

(5) ઓઝોનના સ્તરનું ગાબડું, પરમાણુ કચરાનો નિકાલ અને જૈવિક વિવિધતાની જાળવણી માટે વૈશ્વિક સમજૂતીઓ થઈ છે.

➥ આમ, પર્યાવરણના રક્ષણની જવાબદારી આપણા સૌની છે. જો આપણે પ્રદૂષણ પર અંકુશ નહીં મૂકીએ તો પૃથ્વી ઉપરનું સમગ્ર જીવન નષ્ટ થઈ શકે છે.

44. ગ્રાહક અદાલતોની જોગવાઈઓની ચર્ચા કરો.

➥ ગ્રાહક સુરક્ષાના ઉપાય સંદર્ભે ભારત સરકારે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા ધારો, 1986 અન્વયે 'કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા કાઉન્સિલ' (રાષ્ટ્રીય ઉપભોક્તા આયોગ)ની રચના કરી છે.

➥ ગ્રાહક સુરક્ષા માટે કાયદા હેઠળ નિયમો ઘડાયા છે. તેમજ 'રાષ્ટ્રીય ગ્રાહક તકરાર પંચે ત્રિસ્તરીય અદાલતોનું માળખું ઊભું કર્યું છે. તેમજ ગ્રાહક ફોરમ કે કમિશનોની કાર્યવાહી માટેનાં ધારાધોરણ ઘડ્યાં છે.

(A) જિલ્લા ફોરમ (જિલ્લામંચ)

➥ દરેક જિલ્લામાં આ અદાલતો સ્થપાયેલી છે. દેશમાં અંદાજે 571 ગ્રાહક જિલ્લા ફોરમ કાર્યરત છે.

➥ આ કોર્ટમાં ₹ 20 લાખ સુધીના વળતરના દાવા નિર્ધારિત ફી ભરવાથી કરી શકાય છે.

➥ નારાજ પક્ષકાર નિર્ણયની જાણ થયા પછીના 30 દિવસમાં રાજ્ય કમિશનમાં અપીલ કરી શકે છે.

➥ જોકે અપીલ પૂર્વે વળતર દાવાની રકમની 50 % કે ₹ 2,500 જે ઓછું હોય તે નિયત શરતોએ ડિપોઝિટ જમા કરાવવાની હોય છે.

(B) રાજ્ય કમિશન (રાજ્ય ફોરમ)

➥ દેશમાં હાલમાં અંદાજે 35 રાજ્ય ફોરમ કાર્યરત છે.

➥ 20 લાખથી 1 કરોડ રૂપિયા સુધીના વળતરના દાવા નિર્ધારિત ફી ભર્યાથી દાખલ થઈ શકે છે.

➥ અહીં નારાજ પક્ષકાર હુકમની તારીખથી 30 દિવસમાં રાષ્ટ્રીય કમિશનમાં અપીલ કરી શકે, જોકે તે પહેલાં તેણે દાવાની રકમના 50 ટકા અથવા ₹ 35,000 ડિપોઝિટ ભર્યેથી અપીલ થઈ શકે છે.

(C) રાષ્ટ્રીય કમિશન (રાષ્ટ્રીય ફોરમ)

➥ 1 કરોડથી વધુ વળતરના દાવા નિર્ધારિત ફી કોર્ટમાં ભરી ફરિયાદ દાખલ કરી શકે છે.

➥ પાંચ સભ્યોની બેન્ચ આ કમિશનના સભ્યો છે.

➥ રાજ્ય અને રાષ્ટ્રીય કમિશને કેસ દાખલ થયાના 90 દિવસમાં નિકાલ કરવાનો હોય છે.

➥ રાષ્ટ્રીય કમિશનથી નારાજ થયેલી વ્યક્તિ કે પક્ષકાર રાષ્ટ્રીય કમિશનના હુકમથી 30 દિવસમાં સુપ્રીમ કોર્ટમાં નિર્ધારિત શરતોએ અપીલ દાખલ કરી શકે છે.

➥ જોકે અપીલ પૂર્વે, પક્ષકારે વળતર દાવાની રકમના 50% અથવા ₹ 50,000 બેમાંથી જે ઓછું હોય તે ડિપોઝિટ પેટે કોર્ટમાં જમા કરાવવું ફરજિયાત છે.

➥ જો કોઈ પક્ષકાર અદાલતે કરેલા આ હુકમોનું પાલન ન કરે તો તે દંડ કે સજા અથવા બંને શિક્ષાને પાત્ર છે.

➥ BPL, સીનિયર સિટીઝન્સ કે વિકલાંગ વ્યક્તિને કેટલીક શરતોને આધીન ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

➥ 'જિલ્લા મફત કાનૂની સેવા' માર્ગદર્શન કાનૂની સહાય, માર્ગદર્શન અને વકીલની સેવા મફત પૂરી પાડવામાં આવે છે.

45. ગ્રાહક સુરક્ષા મંડળનાં કાર્યો જણાવો.

➥ ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ તાલુકા, જિલ્લા, રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ સરકાર માન્યતા પ્રાપ્ત ગ્રાહક મંડળો સ્થાપવામાં આવ્યાં છે.

➥ આવાં ગ્રાહક સુરક્ષા મંડળો કે પરિષદો બિનરાજકીય અને બિનધંધાકીય ધોરણે ગ્રાહકો દ્વારા સ્વૈચ્છિક રીતે રચાયેલાં ગ્રાહક મંડળો છે.

➥ ગ્રાહક સુરક્ષા મંડળનો મુખ્ય હેતુ ગ્રાહકોને અધિકારો માટે જાગૃતિ કેળવવા તથા પ્રોત્સાહન આપવા કામ કરે છે.

➥ આવાં મંડળો ગ્રાહકોના હકોની સુરક્ષા માટેની નીતિઓના ઘડતરમાં સરકારોને મદદ કરવાનો પણ હેતુ ધરાવે છે.

➥ આ મંડળો ગ્રાહકોના અધિકાર તથા કાયદાની જોગવાઈઓની વખતોવખત સમીક્ષા કરે છે અને ધારાકીય જોગવાઈમાં વખતોવખત સમીક્ષા પણ કરે છે તથા સુધારા અંગે સરકારને સૂચન કરે છે.

➥ આ ગ્રાહક સુરક્ષા મંડળો ગ્રાહક જાગૃતિ ઝુંબેશરૂપે ગ્રાહક સુરક્ષા શિક્ષણ આપે છે. જેમાં ગ્રાહકોના અધિકારો, ફરજો, વિવિધ પ્રકારે થતાં શોષણથી કેવી રીતે બચી શકાય તથા કાયદેસરની જોગવાઈઓના સંદર્ભે માર્ગદર્શન આપે છે.

➥ આવાં ગ્રાહક મંડળો કે સંગઠનો દ્વારા 'ગ્રાહક સુરક્ષા', 'ઇનસાઇટ', 'ધી કન્ઝ્યુમર' 'ગ્રાહક મંચ' જેવાં માસિક, દ્વિમાસિક મેગેઝિનો કે સામયિકો પ્રકાશિત કરીને ગ્રાહક જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરે છે.

➥ આવાં મંડળો ગ્રાહક વતી તેમની ફરિયાદનું નિવારણ લાવવામાં પણ મદદરૂપ થાય છે.

Liberty

46. લૈંગિક સમાનતા વિશે સમજૂતી આપો. અથવા ભારતમાં મહિલાઓ સાથે કેવા ભેદભાવ જોવા મળે છે ?

- ભારતનું બંધારણ તમામ નાગરિકોને સમાનતા અને ન્યાયની બાંયધરી આપે છે. 2011ની વસ્તીગણતરી મુજબ ભારતમાં પુરુષો 51.54% અને સ્ત્રીઓ 48.46% છે.
- વિશ્વના કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસનો આધાર માનવ સંસાધન તરીકે સ્ત્રીઓની ભૂમિકા અગ્રગણ્ય છે.
- સ્ત્રી અને પુરુષની જૈવિક ભિન્નતાને કારણે સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં ભેદભાવ જોવા મળે છે. જેમ કે –
- મહિલાઓ ઘરકામ, બાળઉછેર કે રસોઈ બનાવે તેનો કોઈ હિસ્સો આર્થિક ઉપાર્જન કે રાષ્ટ્રીય આવકમાં ગણાતો નથી.
- પ્રારંભકાળથી સ્ત્રીઓને આરોગ્યની અપૂરતી દેખભાળ તેમજ શિક્ષણ અને આર્થિક અધિકારોથી વંચિત રાખવામાં આવી છે.
- આજે દીકરા-દીકરીનાં કપડાંમાં, રમતમાં, અભ્યાસમાં, ખોરાકમાં, હરવા-ફરવામાં, આચાર-વિચારમાં અને વ્યવહારમાં દીકરીને જૂઠી શિખામણ – આમ અનેક રીતે ભેદભાવ જોવા મળે છે.
- મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોવાથી સ્ત્રીઓ બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા અને વિવિધ કુરિવાજોનો ભોગ બને છે.
- સમાજમાં ભ્રૂણહત્યા, નીચો આદરભાવ, પુત્રજન્મને પ્રાધાન્ય, સામાજિક અસમાનતા અને જાતીય ભેદભાવને લીધે સ્ત્રીઓએ જ અન્યાયનો ભોગ બનવું પડે છે.
- આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે તક અને નિર્ણયપ્રક્રિયામાં અસમાનતા જોવા મળે છે.
- ભારતના મોટા ભાગનાં રાજ્યોમાં ઉચ્ચ પદ, ઊંચી આવક, વધુ લાભ, વધુ વેતન મળે તેવા ઉદ્યોગો અને નોકરીઓમાં પુરુષોનું વર્ચસ્વ છે.
- આજે પણ મહિલા સાંસદોનું પ્રમાણ 12.2 % જ છે. ઉપરાંત વિધાનસભા, વરિષ્ઠ અધિકારીઓ, મેનેજરો, કંપનીઓના ડિરેક્ટરો, વ્યાવસાયિક અને ટેક્નિકલ ક્ષેત્રે મહિલાઓનું ઓછું પ્રમાણ તથા સ્ત્રી-પુરુષો વચ્ચે સ્પષ્ટ ભેદભાવ જોવા મળે છે.

## વિભાગ D

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૪ ગુણ)**

47. પ્રાચીન ભારતમાં ખગોળ અને જ્યોતિષશાસ્ત્રનો વિકાસ વર્ણવો.

**(A) ખગોળશાસ્ત્ર :**

- શાસ્ત્રોમાં ખગોળશાસ્ત્ર સૌથી પ્રાચીન છે.
- ખગોળશાસ્ત્રને લગતા ઘણા ગ્રંથો ભારતમાં લખાયેલા છે.
- આ બધા જ ગ્રંથોનો પ્રાચીન વિદ્યાપીઠોમાં વ્યવસ્થિત અભ્યાસ થતો હતો.
- ગ્રહો, ગ્રહોની ગતિ અને નક્ષત્રો તથા અવકાશી પદાર્થોની ગણતરીને આધારે ખગોળ અને જ્યોતિષશાસ્ત્રનો સારો એવો વિકાસ થયો હતો.
- ગ્રહો ઉપરથી ફળ પ્રમાણે જ્યોતિષ ફલિત કરવામાં આવતું.
- આર્યભટ્ટ ગણિતશાસ્ત્રી હોવાની સાથે સાથે ખગોળવિજ્ઞાનમાં પણ તેમનું વિશેષ યોગદાન છે. તેથી જ ભારતના પ્રથમ ઉપગ્રહનું નામ 'આર્યભટ્ટ' રાખવામાં આવ્યું હતું.
- આર્યભટ્ટે ખગોળશાસ્ત્રમાં સાબિત કર્યું કે, ''પૃથ્વી પોતાની ધરી પર ફરે છે તથા ચંદ્રગ્રહણનું સાચું કારણ પૃથ્વીનો પડછાયો છે.'' આ બાબતને વિદ્વાનો 'અજરભર' નામથી સંબોધતા હતા.
- બ્રહ્મગુપ્તે 'બ્રહ્મસિદ્ધાંત' ગ્રંથમાં ગુરુત્વાકર્ષણના નિયમોને ઉલ્લેખિત કર્યા છે.

**(B) જ્યોતિષશાસ્ત્ર :**

- વરાહમિહિર મહાન ખગોળવેત્તા તથા જ્યોતિષશાસ્ત્રી હતા.
- તેમણે 'બૃહદ્સંહિતા' નામના ગ્રંથની રચના કરી તથા જ્યોતિષશાસ્ત્રને ત્રણ ભાગમાં વહેંચ્યું (1) તંત્ર, (2) હોરા અને (3) સંહિતા.
- બૃહદ્સંહિતામાં આકાશી ગ્રહોની માનવીના ભવિષ્ય પર થતી અસરો, મનુષ્યોનાં લક્ષણો, પ્રાણીઓના વર્ગો, લગ્નમૂહૂર્ત તથા કૂવા, તળાવ, બગીચા, ખેતવાવણી વગેરે પ્રસંગોનાં શુભ મુહૂર્તોની માહિતી દર્શાવી છે.
- આપણને ગર્વ થવો જોઈએ કે, આપણા પૂર્વજો વિવિધ વિદ્યામાં કેવી કેવી નિપુણતા ધરાવતા હતા.

48. "વાસ્તુશાસ્ત્ર" વિશે સમજૂતી આપો.

- પ્રાચીન ભારતનું વાસ્તુશાસ્ત્રમાં મહત્ત્વનું યોગદાન છે.
- વાસ્તુશાસ્ત્ર એ જ્યોતિષશાસ્ત્રનું અવિભાજ્ય અંગ છે.
- પ્રાચીન ભારતીય વાસ્તુશાસ્ત્રની ગણના, મહત્તા અને પ્રશંસા વિશ્વભરમાં થતી રહી છે.
- પ્રાચીન ભારતમાં બ્રહ્મા, નારદ, બૃહસ્પતિ, ભૃગુ, વશિષ્ટ અને વિશ્વકર્મા એ મહત્ત્વપૂર્ણ વાસ્તુશાસ્ત્રીઓ હતા.
- વાસ્તુશાસ્ત્રમાં રહેવાની જગ્યા, મંદિર, મહેલો, કિલ્લા, અશ્વશાળા જેવાં સ્થાપત્યોના નિર્માણ સંબંધિત માહિતી છે. જેમ કે કેવી રીતે રચના કરવી ? કઈ દિશામાં કરવી તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.
- બૃહદ્સંહિતામાં વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ છે.

Liberty

- પંદરમી સદીમાં મેવાડના રાણા કુંભાએ વાસ્તુશાસ્ત્રનો પુનરુદ્ધાર કરાવ્યો.
- દેવોના પ્રથમ સ્થપતિ વિશ્વકર્મા છે. જેમણે વાસ્તુશાસ્ત્રને આઠ ભાગોમાં વિભાજિત કર્યું.
- વાસ્તુશાસ્ત્રમાં જગ્યાની પસંદગી, વિવિધ આકારો, રચના, કદ તેમજ વસ્તુઓની ગોઠવણી, દેવમંદિર, બ્રહ્મસ્થાન ભોજનકથા, શયનખંડ આદિ વિવિધ સ્થાનોની માહિતી આપવામાં આવી છે.
- વાસ્તુશાસ્ત્રના દૃષ્ટિબિંદુમાં હવે પરિવર્તન આવ્યું છે તથા તેને વિદેશમાં પણ સ્વીકૃતિ મળી રહી છે.

49. તફાવત આપો : ખરીફ પાક અને રવીપાક

| ખરીફ પાક | રવી પાક |
|---|---|
| ચોમાસામાં લેવામાં આવતા પાકને ખરીફ પાક કહે છે. | શિયાળામાં લેવામાં આવતા પાકને રવી પાક કહે છે. |
| ખરીફ પાકનો સમયગાળો જૂન-જુલાઈથી ઓક્ટોબર-નવેમ્બરનો સુધીનો હોય છે. | પાકનો સમય ઓક્ટોબર-નવેમ્બરથી માર્ચ-એપ્રિલ સુધીનો હોય છે. |
| ડાંગર, મકાઈ, જુવાર, બાજરી, કપાસ, મગફળી અને મગ-મઠ વગેરે ખરીફ પાક છે. | ઘઉં, ચણા, અળસી, જવ, સરસવ, રાયડો મુખ્ય રવી પાકો છે. |

50. 'ભારતનો ઘઉંનો પાક' સવિસ્તર સમજાવો.

- ભારતમાં ડાંગર પછી ઘઉં એ બીજો મહત્ત્વનો ધાન્ય પાક છે.
- ભારતની $\frac{1}{3}$ જમીન પર ઘઉંની ખેતી થાય છે.
- દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં વસતા લોકોનો મુખ્ય ખોરાક ઘઉં છે.
- ઘઉં એ સમશીતોષ્ણ કટિબંધીય રવી પાક છે.
- ઘઉંના પાકને ઠંડી આબોહવા અનુકૂળ રહે છે.
- ઘઉંના પાકને નીચું તાપમાન જરૂરી છે.
- ઘઉંના પાક માટે કાળી કે ફળદ્રુપ ગોરાડુ જમીન અને 75 સેમી વાર્ષિક વરસાદ જરૂરી છે.
- ભારતમાં હરિયાળી ક્રાંતિ બાદ ઘઉંનું ઉત્પાદન લગભગ બમણું થયું છે.
- ભારતમાં પંજાબને 'ઘઉંનો કોઠાર' કહે છે.
- ઉત્પાદક રાજ્યો અને પ્રદેશો :
    - મુખ્ય રાજ્યો પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ. ઉપરાંત મધ્ય પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ ગૌણ રાજ્યો છે.
    - ગુજરાતમાં અમદાવાદ (ભાલ), મહેસાણા, રાજકોટ, જૂનાગઢ, ખેડા વગેરે મુખ્ય જિલ્લાઓ છે.
    - રોજિંદા ખોરાકમાં વપરાતા સર્વ પ્રકારના અનાજમાં ઘઉં શ્રેષ્ઠ છે.
    - ઘઉંના લોટમાંથી રોટલી, ભાખરી, સેવ, શીરો, લાપશી, લાડુ, સુખડી, પાઉં, પૂરી, કેક, બિસ્કિટ વગેરે અનેક વાનગીઓ બને છે.
    - બધા પ્રકારના અનાજ કરતાં ઘઉંમાં પૌષ્ટિક તત્ત્વો વધારે છે. આથી જ ઘઉં 'અનાજનો રાજા' ગણાય છે.
    - ભારતમાં ઘઉંનો પાક ખૂબ જ મહત્ત્વનો છે.

51. બેરોજગારી ઘટાડવાના પ્રયાસરૂપે સરકારી યોજના અને કાર્યક્રમો સવિસ્તાર સમજાવો.

- બેરોજગારીની સમસ્યા એ આપણા આયોજનની એક સૌથી નબળી કડી છે. બેરોજગારી ઘટાડવા સરકારે હાથ ધરેલા ઉપાયો નીચે મુજબ છે :

  (1) ભારતમાં આર્થિક વૃદ્ધિદરનો વાર્ષિક 10% નો લક્ષ્યાંક રાખીને ઝડપી વિકાસનાં સર્વગ્રાહી પગલાં ભરવાં. ખાનગી અને જાહેર ક્ષેત્રે મૂડીરોકાણનું પ્રમાણ વધારવું. જેથી રોજગારીની તકોમાં વધારો થાય. સરકારે રોજગારી વધારવા માટે અનેક યોજના દ્વારા આર્થિક સહાય, શિક્ષણ, તાલીમનાં કેન્દ્રો શરૂ કર્યાં છે.

  (2) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ પર આધારિત વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતાં એકમો, નાના અને લઘુ ઉદ્યોગો, ગ્રામોદ્યોગ, હાથશાળ અને હસ્તકલા કારીગરીને લગતા હજાર ઉદ્યોગોનો વિકાસ હાથ ધરવો જોઈએ.

  (3) ગ્રામીણ ક્ષેત્રે ખેતી સિવાયના સમયની બેરોજગારી ઘટાડવા માટે ખેતરોમાં એકથી વધુ વખત પાક લઈ શકાય એવી પદ્ધતિ વિકસાવવી. નવી જમીન ખેડાણ હેઠળ લાવવી, પ્રત્યેક ખેતરને પાણી અને વીજળીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ.

    - ખેતીને સંલગ્ન મરઘાં-બતકાં, મધમાખી-ઉછેર, પશુપાલન, વનીકરણ, ડેરીઉદ્યોગ જેવી પ્રવૃત્તિઓનો વિકાસ કરવો.

  (4) ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકો વધારવી જેથી શહેરો તરફનું સ્થળાંતર ઘટાડી શકાય. તે માટે કૃષિક્ષેત્રે બાગાયતી ખેતી, સેન્દ્રિય ખાતર, સૂકી ખેતી અને બહુલક્ષી પાક-પદ્ધતિને પ્રોત્સાહન આપવું.

(5) ગ્રામીણ ક્ષેત્રે માનવ વિકાસને ટકાવી રાખવા માટે તેમના આરોગ્ય, શિક્ષણ, પીવાનુ ચોખ્ખું પાણી, પૌષ્ટિક આહાર, વીજળી, રસ્તાઓ, બેન્કિંગ, વીમો, ઇન્ટરનેટ, સંદેશાવ્યવહાર, મોજશોખની સવલતો વધારીને તથા સાર્વજનિક સ્થાયી મિલકતોનું નિર્માણ કરીને લોકોના જીવનમાં ગુણાત્મક અને પરિમાણાત્મક સુધારો લાવવાનો મુખ્ય હેતુ રહ્યો છે.

(6) શિક્ષિત અને યુવા બેરોજગારીમાં ઘટાડો કરવા કૌશલ્યનો વિકાસ કરવો અને રોજગારીને અનુરૂપ શિક્ષણ આપી કુશળ કારીગરો ઊભા થાય તેવી વ્યાવસાયિક કે તક્નિકી શિક્ષણ-પદ્ધતિ અપનાવવી જોઈએ.

(7) ભારત સરકારના શ્રમમંત્રાલય અને રાજ્ય સરકારે યુવા રોજગારોને ઔદ્યોગિક વિકાસની સાથે તેમનામાં જ્ઞાન, સમજણ, ઉત્સાહ અને કાર્યક્ષમતા વધે તે માટે તાલીમ અને પ્રશિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસના અનેક કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. જેવાં કે 'મેઇક-ઇન ઇન્ડિયા', 'સ્કીલ ઇન્ડિયા', 'ડિજિટલ ઈન્ડિયા.'

- હાલમાં દરેક રાજ્યોમાં એક IIT અને IIM જેવી ઉચ્ચ સંસ્થાઓ સ્થાપવામાં આવી રહી છે.

(8) શ્રમશક્તિના આયોજન થકી બેરોજગારીમાં ઘટાડો થઈ શકે છે. આજે રોજગારીનાં નવાં ક્ષેત્રો ખૂલ્યાં છે. જેમાં કમ્પ્યૂટર ટેક્નોલોજી, ઇન્ફર્મેશન ટેક્નોલોજી, ફાર્મક્ષેત્ર, બિઝનેસ મેનેજમેન્ટ, ધંધાકીય વ્યવસ્થાપન, પેકિંગ અને પ્રોસેસિંગ, આઉટ સોર્સિંગ, માર્કેટિંગ, કેટરિંગ મેનેજમેન્ટ વગેરે નવીન ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ તકો રહેલી છે.

- રોજગારીને અનુરૂપ તથા સ્થાનિક જરૂરિયાતને પૂરક નવા અભ્યાસક્રમો, પાઠ્યક્રમો અને શિક્ષણ, પ્રશિક્ષણ તથા તાલીમી સંસ્થાઓમાં ઝડપથી નવીનીકરણીય પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.
- ટૂંકા ગાળાના ડિપ્લોમા કે સર્ટિફિકેટ પ્રકારના પ્રત્યક્ષ તાલીમી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.
- નવા ઉદ્યોગ-ધંધા શરૂ કરવા માટે ઉદ્યોગ સાહસિકોને 'સ્ટાર્ટ-અપ ઇન્ડિયા' અન્વયે સસ્તી લોન સહાય પૂરી પાડવાના પણ પ્રયત્નો થયા છે.

(9) ઉદ્યોગ સંબંધિત વિકાસ કરી નવી રોજગારીની તકોનું સર્જન થાય તે માટે નવા વ્યાપાર-ઉદ્યોગોની શરૂઆત થાય તે આવશ્યક છે. સરકાર દ્વારા ઓછા મૂડીરોકાણથી, યંત્રો, કાચોમાલ કે ઓફિસ ફર્નિચર ખરીદવા માટે ઓછા વ્યાજના દરે ધિરાણની સવલતો, વેચાણ માટેની સહાયતા જેવી અનેક યોજનાઓ દ્વારા સ્વરોજગારીને પ્રોત્સાહન આપવાના અનેક પગલાં ભર્યાં છે.

(10) રોજગાર વિનિમય કેન્દ્રો, રોજગારી શોધતી વ્યક્તિઓ, શ્રમિકો, કામદારો કે શિક્ષિત કુશળ, અર્ધકુશળ, યુવાનોને કામ આપવા માગતા માલિકો સાથે જોડવાનું કડીરૂપ કાર્ય કરે છે. આ સંસ્થા રોજગાર, કારકિર્દી જેવાં મેગેઝિન અને સામયિકો દ્વારા રોજગારીની પૂરતી માહિતી પૂરી પાડે છે.

- મોડેલ કેરિયર સેન્ટર અને હેલ્પલાઇન નંબર 1800-425-1514 દ્વારા લોકોને માહિતી-માર્ગદર્શન પૂરાં પાડે છે. ભારતમાં ડિસેમ્બર સુધીમાં દેશમાં 947 રોજગાર વિનિમય કેન્દ્રો હતાં.

52. ગરીબી-નિવારણના વિવિધ ઉપાયોની સમજૂતી આપો.

➡ ગરીબીનું વિષચક્ર ભારતમાં પકડ જમાવી રહ્યું છે. તેને દૂર કરવા ભારત સરકારે અપનાવેલી વ્યૂહરચનાની ટૂંકમાં સમજૂતી નીચે મુજબ જોઈ શકાય :

(1) આઝાદી બાદ ભારત સરકારે 'ગરીબી હટાવો' સૂત્ર સાથે ચાવીરૂપ ઉદ્યોગો અને કૃષિક્ષેત્રના વિકાસ પર ભાર મૂક્યો અને તેમને વિશેષ સવલતો આપી કારણ કે સરકારને એવો વિશ્વાસ હતો કે ઉદ્યોગો અને કૃષિક્ષેત્રનો લાભ સામાન્ય લોકો સુધી વિસ્તરશે અને તેમનું જીવનધોરણ ઊંચું આવશે. આમ, રોજગારીની તકોનું સર્જન કરી આવક વધારવાના પ્રયાસો થયા. જોકે આવકની અન્યાયી અને અસમાન વહેંચણી થતાં તથા આર્થિક વિકાસના લાભોનું વિતરણ ગરીબ વર્ગ સુધી પહોંચી શક્યું નહીં, આથી ધનિક વર્ગ વધુ ધનિક બન્યો અને ગરીબ વર્ગ વધુ ગરીબ બન્યો.

(2) સરકારે આવકની અસમાનતા દૂર કરવા કરવેરાની નીતિમાં મોજશોખની વસ્તુ પર ભારે કરવેરા અને જીવનજરૂરી ચીજો પર સામાન્ય કરવેરા નાખ્યા. તેમજ ગરીબ વર્ગને આવશ્યક ચીજવસ્તુઓ બજારભાવ કરતાં ઓછા ભાવે મળે તે માટે જાહેર વિતરણ પ્રણાલી (PDS) હેઠળ વાજબી ભાવની દુકાનો દ્વારા (FPSS) દ્વારા નિયત જથ્થામાં ઘરઆંગણે આવશ્યક ચીજો પૂરી પાડી તેઓના જીવનધોરણને ઊંચું લાવવાના પ્રયાસો થયા.

(3) ગરીબી નાબૂદી માટે કૃષિક્ષેત્રે જમીનમાલિકીની અસમાનતા દૂર કરવાના પ્રયાસ સ્વરૂપે જમીન ટોચમર્યાદાનો ધારો, ગણોતનું નિયમન, ખેડહક્કની સલામતી જેવા અનેક કાયદાઓ અમલમાં મૂકી ખેતમજૂરો કે ગણોતિયાનાં હિતો જાળવવાના પ્રયાસો થયા.

(4) સરકાર દ્વારા કૃષિ અને કૃષિ પર આધારિત અન્ય ઉદ્યોગો કે પ્રવૃત્તિઓ જેવી કે પશુપાલન, ડેરીઉદ્યોગ, મત્સ્યઉદ્યોગ, નાની-મોટી સિંચાઈ યોજના, લઘુઉદ્યોગ, હુન્નર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ગ્રામીણ યુવકોને રોજગારી મળી રહે તે માટે તેમને શિક્ષણ, તાલીમ અને કૌશલ્ય વિકાસ માટે તાલીમ આપવામાં આવે છે.

(5) સરકારે ગ્રામીણક્ષેત્રે શિક્ષણ, સ્વાસ્થ્ય, વસવાટ, રોજગારી, કુટુંબ-નિયોજન, સંદેશાવ્યવહાર, સડક સિંચાઈ સુવિધા, બિયારણ, યંત્રો જેવી માળખાગત સુવિધા અને સંસાધનો વિકસાવવાના પ્રયાસો કર્યા છે. ગ્રામીણ ક્ષેત્રે અભ્યાસ અને તાલીમકેન્દ્રોની સુવિધાઓ ઊભી કરી યુવાનોને રોજગારી સક્ષમ બનાવવાના પ્રયાસો થયા છે. ઉપરાંત મહિલા સશક્તિકરણ માટે પણ વ્યાપક પ્રયાસો થયા છે.

53. ભ્રષ્ટાચારને ડામવાના ઉપાયો વર્ણવો. અથવા ભ્રષ્ટાચારને નાથવાના સરકારી પ્રયાસો જણાવો.

➡ ભ્રષ્ટાચારને દૂર કરવાના ઉપાયો આ મુજબ છે :

(1) ભારતમાં 1964માં 'કેન્દ્રીય લાંચરુશવત વિરોધી બ્યૂરો'ની સ્થાપના કરી છે, જે સરકારી તંત્રમાં પ્રસરેલા ભ્રષ્ટાચારની બદીને નાબૂદ કરવાનો પ્રયાસ કરે છે. ભ્રષ્ટાચારીને રંગેહાથ પકડીને કાયદેસર કાર્યવાહી હાથ ધરે છે.

- સરકારનો આ એક સ્વતંત્ર અને અલગ વિભાગ છે. ગુજરાતમાં તેની મુખ્ય કચેરી અમદાવાદ – શાહીબાગ ખાતે છે તથા તેનો ટોલ ફ્રી નંબર 1800

2334 4444 છે.

(2) ભ્રષ્ટાચારને અટકાવવા ભારત સરકારે 'ભ્રષ્ટાચાર વિરોધી નિયમો 1988' ઘડ્યો, જે થકી સાર્વજનિક જીવનને શુદ્ધ કરવું અને સત્તા કે પદનો દુરુપયોગ થતો રોકવો. જેમ કે –

- કોઈ પણ જાહેર સેવક, ઉચ્ચ પદાધિકારીઓ, રાજકારણીઓએ પદ કે ઉચ્ચ હોદ્દો ધારણ કરતાં પહેલાં પોતાની તમામ સંપત્તિની માહિતી સોગંદનામું કરીને જાહેર કરવાનું ફરજિયાત છે. જો તેમના કાર્યકાળ દરમિયાન તેમની આવક કરતાં સંપત્તિ વધુ ધરાવતાં હોવાનું પકડાય ત્યારે શિક્ષાપાત્ર ગુનો બને છે. આવી સંપત્તિ બેનામી સંપત્તિ સરકાર પોતે જપ્ત કરે છે.

(3) 'માહિતી અધિકાર, 2005' અને 'નાગરિક અધિકારપત્ર' બહાર પાડ્યો છે. જેની પાછળ સરકારી કર્મચારી દ્વારા વહીવટી કાર્યો નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની બાંયધરી પોતાના કાર્યક્ષેત્ર અને સત્તા હેઠળના કાર્યમાં થતો વિલંબ દૂર કરીને પારદર્શક અને સરળ વહીવટની જાહેર જવાબદારી વધારવાનો હેતુ છે.

(4) બ્લેકમની એક્ટ, 2005 મુજબ ભ્રષ્ટાચારનો અપરાધિક સ્વરૂપે ગુના તરીકે સમાવેશ કર્યો છે.

- આ ઉપરાંત ફેમા (FEMA) (ફોરેન એક્સ્ચેન્જ મેનેજમેન્ટ એક્ટ) કાયદામાં તથા 'મની લેન્ડરિંગ એક્ટમાં' તેમજ કસ્ટમ એક્ટની ધારા, 132માં સુધારો કર્યો.
- લોકપાલ અને લોકાયુક્તની નિમણૂક કરીને કાળું નાણું શોધવાના અને ભ્રષ્ટાચાર ડામવાના પ્રયાસો કર્યા છે.

(5) સરકારી અધિકારી દ્વારા આચરેલા સત્તાના બેફામ ઉપયોગ અને ભ્રષ્ટાચારની ફરિયાદને આધારે ખાતાકીય તપાસનું કાર્ય 'ગુજરાત તકેદારી સેવા આયોગ' ગાંધીનગર કરી રહ્યું છે.

Liberty